જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૨/૨૦૧૭ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૯૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૫૨ લીટર દેશી દારૂ અને ૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૩૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૯૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૩૯૭/૧૭

**સોલા હાઈકોર્ટઃ** દિપાબહેન વા/ઓ અંકુરભાઇ પટેલ (રહે.આઇ.સી.બી.સીટી વંદેમાતરમ ટાઉનશીપની સામે વંદેમાતરમ રોડ ગોતા) એ તા.૨૪/૨/૧૭ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૨/૧૭ સવારના ૧૧/૫૦ વાગ્યાના સુમારે દિપાબહેનના મોબાઈલ નંબર ઉપર મોબાઈલ નંબર ૯૧૮૫૧૪૮૨૧૭૬૯ અને મોબાઈલ નંબર ૯૧૮૫૩૮૮૨૬૨૧૧ ના ધારકે ફોન કરી જણાવ્યુ હતુ કે હુ એસ.બી.આઇ. હેડ બ્રાન્ચમાંથી રવિ વર્મા બોલુ છુ અને તમારા એ.ટી.એમ.કાર્ડની વેલીડીટી પુરી થવા આવી છે તો તમે મને તમારા આધાર કાર્ડનો નંબર તથા જન્મ તારીખ તથા એ.ટી.એમ.નંબર આપો જેથી હુ તમારી ઓનલાઇન વેલીડીટી વધારી આપુ તેમ કહી માહીતી મેળવી દિપાબહેનના એસ.બી.આઇ. ખાતામાંથી રૂપિયા ૧૯,૯૯૮/- ઉપાડી લઇ છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.

**ઓઢવઃ** રશ્મિકાબેન વા/ઓ વિષ્ણુભાઇ મેહરા (ઉ.વ.૩૮) (રહે.જુની વસાહત પાણીની ટાંકી પાસે ચબુતરાની બાજુમા જશોદાનગર જીઆઇડીસી વટવા) તા.૨૪/૨/૧૭ કલાક ૧૦/૧૫ વાગ્યાના સુમારે ઓઢવ સી.એમ.સી.ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બે અજાણ્યા પુરૂષો રશ્મિકાબહેન પાસે આવી લોભામણી વાતો કરી રશ્મિકાબહેનને પહેરેલ સોનાની બુટ્ટી જુમ્મરવાળી કિમત રૂપિયા ૨૦,૫૦૦/- ઉતરાવી પૈસાનુ બંડલ છે તેમ કહી કાંકરા બાંધેલ પડીકુ આપી સોનાની બુટ્ટી લઈ છેતરપીંડી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગેની ફરીયાદ રશ્મિકાબહેન મેહરાએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી મુકેશસિહ જગરૂપસિહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૯૮/૧૭**

**વાડજઃ** હરનેશ પ્રવીણભાઇ પટેલ (રહે.લક્ષ્મી એપાર્ટમેન્ટ દેના બેન્ક સામે ભીમજીપુરા) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૨/૧૭ રાતના ૯/૦૦ થી તા.૨૪/૨/૧૭ કલાક ૫/૩૦ વાગ્યા દરમ્યાન ભીમજીપુરા હરનેશ મારકેટીંગના ગોડાઉનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ગોડાઉનમાંથી સી.સી.ટી.વી.કુટેજનું ડી.ટી.વી.આર. કિમત રૂપિયા ૩૫,૦૦૦/- અને ચોકલેટના પાંચ બોક્સ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ખરસાણ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૯૯/૧૭**

**ખોખરાઃ** ચંદાબહેન તે ઉમીયા શંકરજી કાલોત ની પત્ની (ઉ.વ.૫૫) (રહે. ભાગ્યોદયનગર હાટકેશ્વર બસ ડેપોની પાછળ ખોખરા) તા.૨૪/૨/૧૭ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે હાટકેશ્વર સર્કલ ખોડીયાર મંદિર દર્શન કરવા ગયા હતા ત્યારે અજાણી વ્યક્તિએ ચંદાબહેનની નજર ચુકવી ગળામાં પહેરેલ સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ ચંદાબહેન કાલોતે ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રાયસિંહ સોમાભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૦૦/૧૭**

**રિવરફ્રન્ટ વેસ્ટઃ** તારાચંદ શ્યામરાવ ચાંદેકર (ઉ.વ.૪૨) (રહે. સાંઇનાથ એપાર્ટમેન્ટ રેલ્વે રોડની બાજુમા વિંઝોલ) એ અગમ્ય કારણસર તા.૨૪/૨/૧૭ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ નદીના પશ્ચીમ કિનારે ઘાટ નંબર-૬ સીડી નંબર-૩૧ પાસે વોકવે નજીક પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી રામસિંગભાઇ નંદરીયાભાઇ ચલાવે છે.

**રિવરફ્રન્ટ ઈસ્ટઃ** મોહમદ સીદીક ઉર્ફે વસીમ સફીભાઇ લુહાર (ઉ.વ.૨૨) (રહે. મારવાડીની ચાલી શાહપુર દરવાજા બહાર) એ અગમ્ય કારણસર તા.૨૪/૨/૧૭ રાતના ૮/૪૫ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ ઘાટ નં ૫ વોક વે ઉપર સીડી નંબર-૧૧ નજીક પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી મોતીભાઇ તળજાભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)